જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૬/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૧૫૫/૧૫

## હોન્ડા સીટી કાર માં ભરેલ રુપિયા ૩,૦૫,૭૦૦/- ના ઈગ્લીંશ દારુ ના જથ્થા સાથે હરિયાણાના અજીતસિંગ મોનકીયા તથા રવિન્દ્રરસિંગ જાટ નાઓને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર

અમદાવાદ શહેર વિસ્તારમાં પરપ્રાંતિય ઈગ્લીંશ દારુ સાથે ગુજરાત રાજયમાં પ્રવેશ કરી ડીલીવરી કરનાર ઈસમોને શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓને સુચના કરતા તેઓની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એમ.યાદવ, સા. તથા પો.સ.ઈ.શ્રી એચ.પી.કરેણ, સા. તથા પો.સ.ઈ. શ્રી જે.એન. ઝાલા, સા નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઓઢવ રીંગરોડ સર્કલ ખાતે હે.કોંન્સ. અલ્તાફખાન કરીમખાન નાઓને મળેલ બાતમી હક્કિત આધારે અજીતસિંગ કિશનલાલ મોનકીયા ઉવ. ૨૮ રહેવાસીઃ ગામઃ પટવાપુર જીલ્લો રોહતક (હરિયાણા) તથા રવિન્દ્રરસિંગ કિશનકુમાર જાટ ઉવ.૩૬ રહેઃ ગામ મારોધી રંગરાન જીલ્લો રોહતક (હરીયાણા)નાઓને તેઓના કબ્જાની હોન્ડા સીટી મોટર કાર નંબરઃ જીજે-૧-એચ.એન.૧૩૦૫ માં ભરેલ અલગ- અલગ કંપની ની ઈગ્લીંશ દારુ ભરેલ કુલ્લે બોટલ નંગ- ૫૫૨ કિમત રુપિયા ૩,૦૫,૭૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આરોપીઓ ની સઘન પુછપરછ દરમ્યાન કબ્જે કરેલ ઈગ્લીંશ દારુ નો જથ્થો હરિયાણા રોહતક ખાતે રહેતા સતીષનાઓએ ગાડી સાથે ઈગ્લીંશ દારુ નો જથ્થો ભરી આપી ગુજરાત નડીયાદ ખાતે રહેતા શર્માજીનામના ઈસમને ડીલીવરી કરવાના હોવાનુ જણવેલ છે જેઓની વધુ પુછપરછ ચાલુ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)